<u>ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૫૦૫૯૮/૨૦૨૬ ના કામે અરજદાર</u>

<u>**ઠાકોર સુનિલ દશરથભાઈ**ની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ :</u>

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લીધી તથા કેસ પેપર્સ, પંચનામું, મુદ્ધામાલ પાવતી, તેમજ મુદ્ધામાલનાં માલીકી બાબતનાં દસ્તાવેજ વંચાણે લીધા.

(૨) આ કામે અરજદારશ્રી ઠાકોર સુનિલ દશરથભાઈનાઓએ ઉપરોકત ગુનાના કામે બી.એન.એસ.કલમ–૩૦૩(૨) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ માલિકીની BAJAJ AUTO LTD કંપનીની CNG રીક્ષા કે જેનો આર.ટી.ઓ. રજી.નં.GJ-38-WA-7628-, જેનો ચેચીસ નં.MD2B47AX7SWL35008, જેનો એન્જીન નં.AZXWSL03529 છે, જે પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે. જે અરજી રજુ થતાં આ કામે મુદ્દામાલ અરજી લગત ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ખાતેથી પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ, જે પોલીસ અભિપ્રાય રજુ કરેલ છે. જે વંચાણે લેતાં, *પોલીસે મુદ્દામાલ અરજદારને પરત સોંપવાનો અભિપ્રાય આપેલ છે.* અરજદાર પક્ષે તેઓની અરજીના સમર્થનમાં આંક–૦૩ થી દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ રાખેલ છે. જેમાં નિ.૩/૧ થી અરજદારના આધાર કાર્ડની નકલ, નિ.૩/૨ થી આર.સી.બુકની નકલ, નિ.૩/૩ થી એફ.આઈ.આર.ની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ થી લોન સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ આ સાથે રજુ રાખેલ છે. તેમજ આરોપીની નો–કલેઈમ પુરશીસ રજુ રાખેલ છે.

(૩) ઉભયપક્ષને સાંભળ્યા. અરજદાર તરફે એવી રજુઆત કરેલ છે કે, આ કામે અટક કરાયેલ મુદ્દામાલ વાહન તેમના રોજબરોજના વેપાર–ધંધાના કામે ઉપયોગ વપરાશનું સાધન છે. વાહનને વધુ સમય સુધી પો.સ્ટે.માં બંધ હાલતમાં પડતર રાખવામાં આવે તો પડી રહેવાથી સદર વાહનના કિંમતી સ્પેર પાર્ટસને કાટ લાગી જઈ નુકશાન થાય તેમ છે, તેમ થાય તો તેઓને આર્થિક નુકશાન થાય તેમ હોય, તેમજ નામદાર કોર્ટ જે કોઈ શરતો ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાહેંધરી આપે છે. જે ધ્યાને લેતાં મુદ્દામાલ વાહન મુકત કરવા હુકમ કરવા અરજ કરેલ છે. જયારે સરકાર પક્ષે રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે અટક કરાયેલ મુદ્દામાલ ઉપરોકત ગંભીર ગુનામાં સંડોવાયેલ છે તેમજ પોલીસ અભિપ્રાયમાં અરજદારને મુદ્દામાલ વાહન પરત સોંપવા અભિપ્રાય આપેલ છે, જે ધ્યાને લઈ ન્યાયિક હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આમ, અરજી વંચાણે લીધી તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. અરજદાર તથા સરકાર પક્ષે વિગતવાર સાંભળ્યા. હાલના કામે અરજદાર પક્ષે મુદ્દામાલ અરજી તથા તે અંગેનું સોગંદનામું, મુદ્દામાલ પાવતી, પંચનામું, મુદ્દામાલ અભિપ્રાય તથા મુદ્દામાલ સંલગ્ન દસ્તાવેજો રજુ થયેલ હોય જે વંચાણે લીધેલ છે. હાલના કામે અરજદાર ધ્વારા હાલની અરજી ઉપરોકત પારા–૨ માં દર્શાવેલ મુદ્દામાલ વાહન પરત મેળવવા રજુ કરેલ છે, જે પોલીસ એજન્સીએ ઉપરોકત ગુનાના કામે તથા કલમો મુજબ કબજે લીધેલ છે. હાલના કામે અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં મુદ્દામાલ વાહન હાલના કામના અરજદારની માલીકીની હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. મુદ્દામાલ અંગે પોલીસ અભિપ્રાય વંચાણે લેતાં પોલીસ ધ્વારા તપાસના કામે મુદ્દામાલની જરૂરીયાત હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી. જે મુદ્દામાલ લાંબા સમયથી પોલીસ સ્ટેશન ખાતે પડી રહેલ છે. તેમજ કેસની ટ્રાયલ ચાલતા સમય નિકળી જાય તેમ છે અને મુદામાલ વાહન બિનઉપયોગી હાલતમાં રહે તો બગડી જવાની સંભાવના રહેલી છે તથા અરજદારને તેનું આર્થિક નુકશાન ભોગવવું પડે તેમ છે. જેથી તમામ હકીકતો ધ્યાને લઈ હાલનો મુદ્દામાલ વાહન પરત સોંપવો ન્યાયોચિત જણાય છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો **૨૦૦૩(૧) જી.એલ.એચ.૩૦૨ ઉપરના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના** કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ **સ્પે.ક્રિમી.એપ્લી.(મુદ્દામાલ પઝેશન) નં.૭૧૦૮/૨૦૧૫ના અભય શ્રેણિકભાઈ ગાંધી વિ.ગુજરાત રાજય**ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો કે,

મુદ્દામાલનો શકય તેટલો ઝડપથી નિકાલ કરવો જોઈએ અને તેના યોગ્ય હકકદારને પરત સોંપવો જોઈએ. જે સિધ્ધાંતો ધ્યાને લેતાં અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહું મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખવું ન્યાયોચિત જણાતું નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહું મુદ્દામાલને નુકશાન થશે અને સદરહું મુદ્દામાલ વાહનની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે વિગેરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહું મુદ્દામાલ વાહન શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયની દષ્ટ્રિએ યોગ્ય અને વ્યાજબી જણાય છે, જે સઘળી હકીકતો ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજદાર *ઠાકોર સુનિલ દશરથભાઈ*નાઓની હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૫૦૫૯૮/૨૦૨૬ ના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ BAJAJ AUTO LTD કંપનીની CNG રીક્ષા કે જેનો આર.ટી.ઓ. રજી. નં.GJ-38-WA-7628-, જેનો ચેચીસ નં.MD2B47AX7SWL35008, જેનો એન્જીન નં.AZXWSL03529 છે, જે અરજદારને મુદ્દામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ કિંમતની દોઢી રકમનાં જામીન તથા જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન બીજો હુકમ ન થાય ત્યાં સુધી વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

(૧) મુદ્ધામાલ વાહન નામ.કોર્ટ જ્યારે અને જ્યાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.
(૨) મુદ્ધામાલ કેસની ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈને ટ્રાન્સફર, ગીરો, બક્ષીસ, વેચાણ કે કોઈ પણ પ્રકારે તબદીલ કરવો નહીં.
(૩) મુદ્ધામાલ વાહનનું સરકારી લેણુ, ટેક્ષ, વીમો વિગેરે નિયમિત ભરપાઈ કરવાનું રહેશે.
(૪) મુદ્ધામાલ વાહન કોઈ ગુનાહીત કૃત્યમાં વપરાય નહીં તેની કાળજી રાખવી.
(૫) મુદ્ધામાલ વાહન કેસની ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી સદરહું મુદ્ધામાલ વાહનના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહીં, માત્ર રીપેરીંગ કામકાજ કરાવી શકે.
(૬) ઉપરોક્ત શરતોનું અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે, અને તે પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ થયેલ ગણાશે.

મુદ્ધામાલ ઉપરોક્ત હુકમ અનુસાર અરજદારને સોંપવો. અરજદારને મુદ્ધામાલ પરત સોંપેલ હોય તે અંગેનો વિગતવારનો રીપોર્ટ અત્રેની કોર્ટને કરવો. હાલના હુકમની એક પ્રત, જરૂરી બોન્ડ તથા વિગતવારનો રીપોર્ટ ચાર્જશીટ રજુ થયે ચાર્જશીટ સાથે રજુ રાખવા.

હાલના હુકમ મુજબની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ–૦૧ લી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬ (બી.એમ.ગઢીયા)
સ્થળ:ધોળકા એડી.ચીફ.જ્યુડી.મેજી.,ધોળકા
યુનીક કોડ નં.જી.જે.૦૧૧૭૬